# ગુજરાતી સાહિત્ય પરિષદ

ગોવર્ધન ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમમાર્ગ, પો. બૉ. નં. ૪૦૬૦, અમદાવાદ - ૩૮૦૦૦૯
ફોન : ૨૬૫૭૬૩૭૧, ૨૬૫૮૭૯૪૭

તા.17-10-2026

પ્રતિ,

શ્રી દેવેન્દ્ર ભટનાગર,

તંત્રીશ્રી,

દિવ્યભાસ્કર, અમદાવાદ

વિષય :- ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણી બાબત.

શ્રીમાન.

હું, પી. વી. ત્રિવેદી (નિવૃત્ત આઈ.એ.એસ), ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ અને મધ્યસ્થ સમિતિની ચૂંટણી-2026 માટે ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત થયો છું. અત્યારે ચૂંટણીની પ્રક્રિયા ચાલુ છે તે દરમ્યાન તા.17-10-2026ના દિવ્યભાસ્કર (અમદાવાદ આવૃત્તિ)ના પ્રથમ પેઈજ પર જે સમાચાર છપાયા છે તે એવું પ્રતિપાદિત કરવાના હેતુથી છપાયા હોવાનું જણાય છે કે પરિષદની ચૂંટણી યોગ્ય રીતે નથી થઈ રહી અને તેમાં બોગસ મતદાન સહિતની ઘણીબધી અનિયમિતતાઓ ચાલી રહી છે. પત્રકારે ચૂંટણીની પ્રક્રિયાનો સંપૂર્ણ અભ્યાસ કર્યા સિવાય માત્ર પોતાનાં તારણો અને માન્યતાઓને આધારે આ સ્ટોરી કરી છે, જે કદાપિ યોગ્ય નથી.

ચૂંટણી અધિકારી તરીકે, ઉક્ત સ્ટોરીના સંદર્ભમાં મારે નીચે મુજબની હકીકતો જણાવવી છે.

(1) ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી આપવામાં આવેલી પ્રમાણિત મતદાર યાદી પ્રમાણે ચૂંટણી અધિકારી દ્વારા મતદારને મતપત્ર રવાના કરવાનાં રહે છે.

(2) આપના દૈનિકમાં જણાવ્યા પ્રમાણે ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણીમાં SIRની જરૂર છે તે બાબત ચૂંટણી અધિકારીના કાર્યક્ષેત્રની બહાર છે. આ ચૂંટણીના તમામ મતપત્રક, ખર્ચાળ પ્રક્રિયા હોવા છતાં સ્પીડપોસ્ટથી રવાના કરવામાં આવેલ છે. સ્પીડપોસ્ટમાં મોકલવામાં આવેલ મતપત્રક, આજીવનસભ્ય હયાત ન હોય તો પરત આવે છે, મતદાર, મતદારયાદીમાં દર્શાવેલ સ્થળ સિવાય અન્ય સ્થળે વસવાટ કરવા ગયેલ હોય, તો તે મતપત્રક પરત આવે છે. તે ઉપરાંત આજીવનસભ્ય વિદેશમાં વસવાટ કરવા ગયા હોય અથવા અન્ય કોઈ કારણસર મતદારયાદીમાં દર્શાવેલ સરનામાં સિવાય અન્ય સ્થળે વસવાટ કરતા હોય તો તેવા મતપત્રક પણ પાછા આવે છે. આજસુધીમાં કુલ-589 મતપત્રક પરત આવ્યા છે.

(3) ઉપરોક્ત પ્રક્રિયાથી આજીવન સભ્ય ન હોય તેવી અન્ય કોઈ વ્યક્તિને આ મતપત્રક પહોંચતું નથી, અને તેથી આજીવન સભ્ય વતી અન્ય કોઈ વ્યક્તિ દ્વારા બોગસ મતદાન કરવાનો પ્રશ્ન પ્રાથમિક રીતે ઉપસ્થિત થતો નથી.

**GUJARATI SAHITYA PARISHAD**
Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Marg, Ashram Road, P.B. No. 4060, Ahmedabad - 380 009.
Ph. : 26576371, 26587947, E-mail : gspamd123@gmail.com, Website : www.gujaratisahityaparishad. org

# ગુજરાતી સાહિત્ય પરિષદ

ગોવર્ધન ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમમાર્ગ, પો. બૉ. નં. ૪૦૬૦, અમદાવાદ - ૩૮૦૦૦૯
ફોન : ૨૬૫૭૬૩૭૧, ૨૬૫૮૭૯૪૭

(4) મતદારન પુરુ થતાં સુધીમાં આવેલાં તમામ મતપત્રક, દૈનિક ધોરણે, ચૂંટણી અધિકારીની સૂચના પ્રમાણે સલામત રીતે સીલ કરીને મૂકવામાં આવે છે. મતદાનની ગણતરી, ચૂંટણીમાં ઉભા રહેલ ઉમેદવાર તેમજ તેમના દ્વારા અધિકૃત કરવામાં આવેલ પ્રતિનિધિની હાજરીમાં કરવામાં આવે છે. મતગણતરીના દિવસે, મળેલ મતપત્રક યોગ્ય રીતે આવેલ છે કે કેમ? તે બાબતની ચકાસણી, ઝીણવટપૂર્વક ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવે છે. દરેક મતપત્રક પર અનુક્રમ નંબર આપવામાં આવેલ હોય છે અને તે મતપત્રક કયા મતદારને મોકલવામાં આવેલ તેનો વિગતવાર રેકોર્ડ ચૂંટણી અધિકારીની સૂચના પ્રમાણે રાખવામાં આવતો હોય છે. મતગણતરી સમયે, પ્રત્યેક મત દર્શાવાયેલ મતપત્રક્રમાંકની સાથે સુસંગત છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવે છે. ચૂંટણી નિષ્પક્ષ અને તટસ્થ રીતે થાય તે માટે પૂરતી કાળજી લેવામાં આવે છે. ચૂંટણીમાં મતદાર તરફથી કોને મતદાન કરવામાં આવ્યું તે બાબતની ગોપનિયતા પૂર્ણ કાળજીથી સાચવામાં આવે છે. આવી ચકાસણી દરમિયાન બોગસ મતદાન માટે કોઈપણ અવકાશ રહેતો નથી.

(5) સમાચારમાં મૃતકના મતપત્રકના ફોટાનો કહેવાતો પુરાવો છાપવામાં આવેલ છે તે સંપૂર્ણ પણે ગેરમાર્ગે દોરનારો છે. આ ફોટામાં મતપત્રકક્રમાંક ઈરાદાપૂર્વક દર્શાવવામાં આવેલ નથી. આવો ફોટો કોઈપણ મતપત્રકથી લઈ શકાય છે.

(6) સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પરિષદના બંધારણ અને તે હેઠળ બનાવવામાં આવેલ નિયમોના આધારે થાય છે. ગૂંચવાડો ઉભો થાય તેવી કોઈ સૂચના મતપત્રક સાથે આપવામાં આવી નથી.

(7) પરિષદના મતદાર સુશિક્ષિત, સમજદાર અને સન્માનનીય છે, તેની સમજશક્તિમાં શંકા કરવી પણ યોગ્ય નથી.

ઉપરોક્ત સ્પષ્ટિકરણ આપના લોકપ્રિય અખબારમાં પ્રસિદ્ધ કરવા વિનંતી છે.

પ્રવીણ ત્રિવેદી (આઈ.એ.એસ. નિવૃત્ત)
ચૂંટણી અધિકારી

**GUJARATI SAHITYA PARISHAD**
Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Marg, Ashram Road, P.B. No. 4060, Ahmedabad - 380 009.
Ph. : 26576371, 26587947, E-mail : gspamd123@gmail.com, Website : www.gujaratisahityaparishad. org